शेठ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર

तस्य भासा विभाति

# સંનિધિ

વર્ષઃ ૧૨, અંકઃ૩૧, જૂન-૨૦૨૩, શેઠ ચી. ન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદ-૬. ફોનઃ૨૬૪૬૩૫૧૧, ૨૬૪૬૩૬૯૬
ઈ-મેઈલ: cndirectorsoffice@cnvidyavihar.edu.in – વેબસાઈટ: www.cnvidyavihar.edu.in

## મનુષ્યની ચેતના

'આપણો વ્યવસાયિક વિકાસ (પ્રોફેશનલ ગ્રોથ) અને આપણો Comfort zone (સગવડિયો પડાવ)'

શ્રીમદ્ ભગવદ્ગીતા કહે છે, 'અરે જીવ, તું ઈશ્વર બની શકશે એવી દિવ્ય આકાંક્ષા રાખ. મન મોકળું રાખી પાંખ બરાબર મજબૂત રાખ...'

સાધનાના વિકર્મના જુદા જુદા પ્રકારો છે...

ભક્તિયોગ, ધ્યાન, જ્ઞાન વિજ્ઞાન, ગુણ વિકાસ, આત્માનાત્મ વિવેક વગેરે.. આ વિવિધ પ્રકારોમાંથી છઠ્ઠા અધ્યાયમાં ધ્યાનયોગ નામનો સાધનાનો પ્રકાર વર્ણવ્યો છે.

ધ્યાનયોગમાં ત્રણ બાબતો મુખ્ય છે.

૧) ચિત્તની એકાગ્રતા

૨) જીવનની પરિમિતતા એટલે કે તેનું માપસરપણું અને

૩) સામ્યદશા અથવા સમદ્રષ્ટિ.

ધ્યાનયોગનું પહેલું પગથિયું એટલે ચિત્તની એકાગ્રતા. કોઈપણ કામ કરીએ એમાં એકાગ્રતા ન પરોવીએ તો એ કામ યોગ્ય રીતે થતું નથી. વ્યવહાર કરીએ તો એમાં પણ એકાગ્રતા જોઈએ. ઘણા લોકો એવું માને છે કે વ્યવહારના નિયમો જુદા હોય અને પરમાર્થના નિયમો પણ જુદા હોય. એ સાચું નથી. વ્યવહાર શુદ્ધ કરવો તેનું જ નામ પરમાર્થ છે. પછી તે કોઈ પણ વ્યવહાર કેમ ન હોય ?

આપણે ઘરની બહાર જે કામ કરીએ છીએ, જે માટે આપણને અમુક પુરસ્કાર મળે છે આથી તે કામને આપણે આપણો વ્યવસાય (profession) કહીએ છીએ. આપણા વ્યવસાયમાં આપણે આગળ વધતા જવાનું હોય છે. આ આગળ વધવાનું એટલે આપણે જે કાર્ય કરતાં હોઈએ તે વધુ ને વધુ સારું કરતા થવું (શીખતા જવું). કામની, કામની પધ્ધતિની, સાધન સામગ્રીની, આપણાં વલણ-વ્યવહારની, અન્ય સાથેનાં સંબધોમાંથી ઉણપો દૂર કરતાં જવી, તેમાં ગુણવત્તા વધારતા જવી વગેરે બધું. આપણા કામમાં આપણને આનંદ મળે, બીજાને પણ આનંદ આવે – આ બધું આગળ વધતાં જવામાં ઉપયોગી બની આવે.

હવે આ આગળ વધવામાં, સારા બનવામાં ને કામને સારું બનાવવામાં આપણે સક્રિય રહેવું પડે છે. જેમાં મહેનત કરવાની હોય છે. સ્ફૂર્તિ દાખવવાની હોય છે. આ માટે આપણી પ્રકૃતિદત્ત ઊર્જાને સંકોરવી પડે, જે આપણને મહેનત કરતાં રહેવા બળ પૂરું પડે છે.

સમાન્ય રીતે આપણે સહુ શક્તિ-સ્ફૂર્તિ ધરાવતાં, ઉર્જાવાન જનો છીએ. આમાં પ્રમાણફેર વત્તો-ઓછો રહેવાનો. ઉપરાંત પોતાની શક્તિ અને સુઝબુઝ મુજબ કામ કરવાની ઈચ્છાશક્તિમાં પણ ફેર રહેવાનો. પરંતુ એ વાત આપણે સહુએ સ્વીકારવાની રહેશે કે, આપણો વ્યવસાય આપણે જો કરતાં રહેવા ઈચ્છીએ, અને તે સારી રીતે કરતાં રહેવા ઈચ્છીએ તો આપણી શક્તિ-ઊર્જા મુજબ આપણે આપણાં વ્યવસાયિક કાર્યો કરતાં રહેવાં જ પડશે. આ વાત આજે બહાર બધે જ સર્વમાન્ય-સર્વસ્વીકૃત છે. કેટલીક નમુનારૂપ ગણાતી ખાસ શાળાઓ આમાં ભાગ્યે જ બાંધછોડ કરતી હોય છે.

થોડું વધુ વિચારીએ. આપણો વ્યવસાય આપણે સારી રીતે કરવો જોઈએ, આ વાત સહુ સ્વીકારશે. ઓછામાં ઓછું વાતચીતમાં તો ખરું જ! તેની ગુણવત્તા પણ ખીલવતા જવી જોઈએ આ વાત પણ સહુ સ્વીકારશે. પરંતુ વિચારવાનું અહીં એ રહે છે કે, આ વાત સ્વીકાર્યા પછી તેમાં સક્રિય થવાની તૈયારી આપણી કેટલી છે? આમાં માનસિક અને શારીરિક એમ બન્ને સક્રિયતાની જરુર રહે છે, અને આ તબક્કે આપણું મન આપણને તરત સાથ આપે જ એવું નથી બનતું. કારણ, આપણે આપણા ચાલુ કામમાં એવાં ગોઠવાઈ ગયાં હોઈએ છીએ કે આપણને તેમાંથી બહાર નીકળવાનું તરત ગમતું નથી, ફાવતું નથી. ચાલુ કામ સાથેની આ એક પ્રકારની 'સગવડીયા ગોઠવણ' જેવું કહેવાય. જેમાં આપણે આપણને ફાવી ગયેલું કામ એકધારું કર્યા કરીએ છીએ અને તેમાં આપણને એક પ્રકારની નિરાંત લાગે છે. આમ નિરાંતે બધું ગોઠવાયેલું ને ચાલ્યા કરતું હોય તેમાં કોઈ ફેરફાર આવે તો આપણને કંઈક અગવડ (Uncomfortable) જેવું લાગે છે. આ 'સગવડીયા ગોઠવણ'ની જે વાત છે તે માટે Comfort zone શબ્દ વપરાય છે. આપણી ભાષામાં કદાચ તેને 'સગવડિયો પડાવ' કહી શકીએ.

આ Comfort zoneની વાત વિષે આપણે સહુએ વધુ સજાગ થવું પડશે. કંઈક આપણને ગમીને ફાવી ગયું હોય તેને અને તે અંગે કંઈક ફેરફાર કે નવી વાત આવે તો આપણે તેનો તરત સ્વીકાર નથી કરી શકતાં અને આમ બને ત્યારે આપણું કામ ચાલુ રહે છે તેમાં ગતિ જળવાઈ રહે છે. પરંતુ તેમાં પ્રગતિ નથી થતી. આગળ નથી વધાતું.

આપણે આપણા આવા Comfort zoneને શોધવાનો છે, સમજવાનો છે, તેમાંથી અમુક અંશે પણ છૂટવા પ્રયાસ કરવાનો છે. અન્યથા આપણે જ્યાં છીએ ત્યાં જ અને તેવા જ રહીશું.

આજના ઝડપથી બદલાતા અને વિકાસ પામતા વિશ્વમાં આ સગવાડિયા પડાવને ચલાવી શકાય નહિ. તો ચાલો, આપણી ઊર્જા - ચેતનાને પ્રજ્વલિત રાખીએ.

**ડૉ. વૈશાલી શાહ**
નિયામક, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

**પ્રકાશકઃ- ડૉ. વૈશાલી શાહ**
**સંપાદક મંડળઃ- બિમલ રાવલ, ડૉ. ભગવાન પટેલ, હિતેન્દ્ર ત્રિવેદી, હેતલ મહેતા, તૃપ્તિ રાવલ.**

# ''વિદ્યાવિહારનું ગૌરવ''



**પરિક્ષિતા ગુર્જર - ૧૯૮૪ની બેચ**
**મારી ભગવદ્‌ગીતા એટલે મારી શાળા**

''અમે નમીએ તને ચીર સાથી, સાથી વિદ્યાવિહાર''

આ પ્રાર્થનાના શબ્દો સાથે શાળામાં આવેલ કવિશ્રી સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં મારા દિવસની શરૂઆત થતી. મારી શાળા એટલે શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલય. પ્રાર્થના મંદિરમાં શાળાના દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ અને તમામ શિક્ષકગણ જોડાતો. મારા વ્યક્તિત્વના સામાજિક વિકાસનુ પ્રથમ ચરણ એટલે આ પ્રાર્થના મંદિર. જેમ સમાજમાં નિયમ હોય તેમ પ્રાર્થના મંદિરમાં પણ નિયમો હતા. પ્રાર્થના મંદિરમાં સમયસર હાજર રહેવું, પોતાના વર્ગને ફાળવેલ જગ્યા પર પલાઠી વાળી ટટ્ટાર બેસવું, પ્રાર્થના દરમ્યાન વાતચીત ન કરવી વગેરે વગેરે. જેથી શિસ્ત, સમયપાલન, નિયમિતતા, સંયમ, ધીરજ જેવા ગુણો જે એક પોલીસ અધિકારી તરીકેની કારકિર્દીમાં ઘણો મોટો ભાગ ભજવે છે તેનો સંચાર આ પ્રાર્થના મંદિરથી થયો.

''વિદ્યા વિનયથી શોભે છે.'' આ પંક્તિને હું શાળા જીવન દરમ્યાન જીવી છું તેમ કહીશ તો પણ અતિશયોક્તિ નથી. સમગ્ર શાળા જીવન દરમ્યાન શિક્ષણની સાથે મારામાં કરૂણા, વિનમ્રતા, પ્રામાણિકતા, નિડરતા જેવા માનવીય મૂલ્યોનો સંચાર અમારા શિક્ષકો દ્વારા થયો. શાળા ગાંધીવાદી વિચારધારાને વરેલી છે એટલે સાદગી અને સમાનતા તો જાણે શાળાનો આત્મા છે. શાળામા શિક્ષણની સાથે સાથે ઇત્તર પ્રવૃત્તિઓ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવતો. અઠવાડિયાના ટાઇમટેબલમાં એક પિરિયડ ઉદ્યોગનો આવતો જેમાં ચિત્રકામ, સંગીત, સીવણકામ અને સુથારીકામમાંથી વિદ્યાર્થીના રસ મુજબની કલા શીખવાડવામાં આવતી. વધુમાં તમામ તહેવારો ધામધૂમથી ઉજવવામાં આવતા. દરેક તહેવારોમાં પ્રાર્થના મંદિરમાં તહેવારોને સંબંધિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવતું જેમાં અમે સૌ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લેતા. જેના લીધે ધર્મનિરપેક્ષતા જેવી જટિલ લાગણીને અમે ઘણી નાની ઉંમરે આત્મસાત કરી ચૂક્યા હતા.

આપણા ભારત દેશની ઓળખ વિવિધતામાં એકતા અને 'વસુધૈવ-કુટુંમ્બકમ'ની ભાવના એ શાળા તરફથી મને વિરાસતમાં મળી છે. આ વિરાસત જ પોલીસ અધિકારી તરીકે કારકિર્દી પસંદ કરવાનો મારો પ્રેરણાસ્ત્રોત છે. શાળામાં સામાજિક તહેવારોની સાથે સાથે રાષ્ટ્રીય તહેવારો પણ એટલા જ ઉત્સાહભેર ઉજવવામાં આવતા. જયારે અમારામાંના જ વિદ્યાર્થીઓ ગાંધીજી, જવાહરલાલ નહેરૂ, રાણી લક્ષ્મીબાઇ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, નેતાજી સુભાષચંદ્ર બોઝના વેશમા રંગમંચ પર પ્રસ્તુત થતા ત્યારે જાણે ખરેખર આ મહાન આત્માઓનો સાક્ષાત્કાર થયો હોય તેવી લાગણી થતી. શાળામાં થતી આવી નાની નાની પ્રવુતિઓએ મારામાં રહેલ રાષ્ટ્રપ્રેમ અને દેશ માટે કઇ કરી છુટવાની ભાવનાને વધુ વેગ આપ્યો. રંગમંચ પર થતાં આવા કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેતા લેતા મારામાં એવા આત્મવિશ્વાસનો સંચાર થયો કે મે મારી અંદર રહેલ લઘુતાગ્રંથિ સામે તો ક્યારનોય વિજય પ્રાપ્ત કરી લીધેલ.

મારા જીવન ઘડતરમાં મારા મા-બાપ પછી જો કોઇનું સ્થાન હોય તો તે અમારા શિક્ષકોનુ છે. અભ્યાસક્રમના પાઠની સાથે સાથે જીવનના જટિલ પાઠ પણ એકદમ સરળતાથી શીખવાડી દે તેવા અમારા શિક્ષકોનું હું હંમેશા સ્મરણ કરું છું. વિજ્ઞાન વિષયમાં રૂચી કેળવાય તે હેતુથી શાળામાં વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવતું. આપણા રોજિંદા જીવનમાં વિજ્ઞાન કેટલો મહત્વનો ભાગ ભજવે છે તે આ મેળા દ્વારા જાણવા મળતું. શિક્ષકોએ મને વિદ્યારૂપી એવો ખજાનો આપ્યો છે જેને ક્યારેય કોઈ છીનવી કે લૂટી નહી શકે.

અમારી શાળામાં આવેલ વિશાળ મેદાન જેમાં દર વર્ષે રમતોત્સવનું આયોજન થતું. ૧૦૦ મી. દોડ , ૪૦૦ મી.દોડ, રીલે દોડ, ભાલા ફેંક, ગોળા ફેંક, લાંબી કૂદ, ઊંચી કૂદ, ખો-ખો, વોલીબોલ વગેરે રમતોની સ્પર્ધાઓનું આયોજન થતું. જે મારા શાળા જીવનનો એક અહમ ભાગ હતો. જે મારા શારીરિક વિકાસમાં ઘણો મદદરૂપ થયો છે.

શાળા ઘણા મોટા વિસ્તારમાં ફેલાયેલ છે જ્યાં જુનિયર કેજીથી લઈને ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. વધુમાં પી.ટી.સી કોલેજ, બી. એડ. કોલેજ અને ફાઇન આર્ટસ કોલેજ પણ આવેલ છે. મારી શાળામાં આવેલા ઘણા શિલ્પો શાળાના ફાઇન આર્ટસના વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા છે. શાળામાં ઘણા મોટા મેદાનો, ઘણા ખેતરો આવેલા છે અને શાળા ઘણા વૃક્ષોથી આચ્છાદિત છે. શાળા એટલે કોંક્રીટના શહેર વચ્ચે ધબકતું એક નાનું ગામડું.

મારા DYSP થી લઈને DGP બનવા સુધીની સફરમાં મારે ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો અને ઘણા High Profile પેચિદા કેસનો ઉકેલ લાવવો પડ્યો. આ સમગ્ર સફર દરમ્યાન શાળા જીવન દરમ્યાન શીખેલ મૂલ્યોએ મને હંમેશા મદદ કરી છે. એક સ્ત્રી તરીકે વર્ષો પહેલા પોલીસ ખાતામાં કારકિર્દી બનાવવાની હિંમત પણ મને મારી શાળાએ જ પૂરી પાડી છે. આ હિંમતના લીધે જ પ્રસૂતિ બાદ તુરંત જ કમાન્ડો ટ્રેનીંગમાં જોડાઈ શકી હતી અને રાઇફલ શૂટિંગમાં પ્રથમ ક્રમે ઉતીર્ણ થઈ શકી હતી. મારી સમગ્ર કારકિર્દીમાં મારી શાળાનું ઘણું મોટું પ્રદાન રહેલું છે. મારી શાળા એ મારે મન ઈંટ સિમેન્ટથી બનેલ એક મકાન નથી પરંતુ માંરૂ મંદિર છે. મા સરસ્વતીનું સ્થાનક છે. મારા માટે ખૂબ જ પૂજનીય અને આસ્થાનું સ્થાન છે. મારી માર્ગદર્શક, મારી પ્રેરણાસ્ત્રોત એવી મારી શાળાની હું હંમેશા ઋણી રહીશ. મારા સર્વાંગી વિકાસમાં મદદરૂપ થનાર મારા તમામ શિક્ષકોને મારા કોટિ કોટિ વંદન.

રાજ્ય પોલીસદળમાં પ્રસંશનિય સેવા બદલ ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ભારતના ગણતંત્રદિને ભારતના રાષ્ટ્રપતિ મહોદયનો સેવા પોલીસ મેડલ (PM) (Police Medal for Meritorious Service) મળેલ છે. જે બદલ સન્માન અને ગૌરવની લાગણી અનુભવવા સાથે ભવિષ્યમાં પણ મને ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે હંમેશા પ્રેરણાદાયી બની રહેશે. જય ભારત.

**પરિક્ષિતા ગુર્જર**

# પૂર્વ વિદ્યાર્થીઓનું વિદ્યાવિહાર સાથે જોડાણ - અનુબંધ



## રી-યુનિયનઃ

કોરોના મહામારીના લાંબા અંતરાય પછી પરિસર પર પૂર્વ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓ પુનઃ શરૂ થઈ ગઈ છે. સ્નેહરશ્મિ પ્રાર્થના મંદિરમાં રી-યુનિયંન શરૂ થયા છે. ૧૯૬૫ તેમજ ૧૯૮૬ની બેચના રી-યુનિયન યોજાઇ ગયા. ઘણા પૂર્વ વિદ્યાર્થીઓ ૨ વર્ષના કોરોના મહામારીના અંતરાય પછી વિદેશથી આવ્યા હતા. નવા શૈક્ષણિક વર્ષમાં પ્રાર્થના મંદિરમાં જેતે બેચનું રી-યુનિયન યોજવા માંગતા alumni ઓફિસનો સંપર્ક કરી શકે છે.

## Zoom ના માધ્યમથી શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈને ૧૨૦માં જન્મદિન નિમિત્તે સ્મરણાંજલી

Zoomના માધ્યમથી શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈના ૧૨૦મા જન્મદિન નિમિત્તે તેમને સ્મરણાંજલી અર્પણ કરવા અર્થે એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ 'પદ્મશ્રી' શ્રી સિતાંશુ યશસચંદ્ર હતા. અન્ય અતિથી સી. એન. ફાઇન આર્ટ્સ કોલેજના પૂર્વ આચાર્ય શ્રી માધવ રામાનુજ હતા. જેઓએ શ્રી ઝીણાભાઇ દેસાઈના સાહિત્યમાં પ્રદાન અંગે ખૂબ સુંદર અને ભાવપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. ૧૯૬૭ ની બેચના વિદ્યાર્થીઓએ શ્રી ઝીણાભાઈ દેસાઇ સાથેના તેમના સંસ્મરણોને વાગોળ્યા હતા. સુશ્રી બીના હાંડા, સુશ્રી શૈલીની શેઠ, સુશ્રી શમીમ કુરેશી, શ્રી ઝીણાભાઈના પુત્ર શ્રી સિદ્ધાર્થ દેસાઇ વગેરેએ તેમના જીવનમાં ઝીણાભાઈના અમુલ્ય પ્રદાન વિષે વાત કરી હતી. શ્રી નંદન શાસ્ત્રી, શ્રી ઉર્વીશ દવે, શ્રી વિક્રમ ત્રિપાઠી તેમજ શ્રી હરીશ સુરતીએ સમગ્ર કાર્યક્રમનો પ્રચાર, આયોજન અને સંચાલન સુંદર રીતે કર્યું હતું. એક ગુરુને તેના શિષ્યો આજે લગભગ ૫૦ વર્ષ પછી પણ કેટલા યાદ કરે છે તે ખૂબ ગૌરવપ્રદ અને રસપ્રદ હોવા સાથે, વિદ્યાર્થીઓમાં અતિ લોકપ્રિય એવા શ્રી ઝીણાભાઇનો વિદ્યાર્થીઓ સાથેનો સબંધ એક શિક્ષક, આચાર્ય હોવાની સાથે સ્નેહીજન, મિત્ર, ફિલોસોફર અને માર્ગદર્શક તરીકેનો પણ હતો તે સૂચિત કરે છે.



## વિદ્યાવિહારમાં રોડ રિપેરિંગનો પ્રોજેક્ટ સંપન્નઃ

વિદ્યાવિહાર પરિસરમાં લગભગ ૨૯ -૩૦ વર્ષ પેલા ડામરના રોડ બનાવાયા હતા, જે સમય જતાં ઘણા ખરાબ થઈ જતાં વાલીઓ તેમજ સ્ટાફના લોકો દ્વારા ઘણી ફરિયાદો આવતી હતી. નવું શૈક્ષણિક વર્ષ શરૂ થતાં પહેલા તાત્કાલિક ધોરણે રોડ રિપેરિંગનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ પૂર્ણ થયો છે. આ પ્રોજેક્ટમાં મદદ કરનાર alumni કમિટીના સભ્યો શ્રી હિમાંશુ શાહ, શ્રી વંદન દલાલ, વાલી અને ટેકનિકલ સેન્ટર સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી રૂપેશ વસાણી તેમજ કોન્ટ્રાકટર alumnus શ્રી અમિત શાહના સહયોગ બદલ સંસ્થા પરિવાર આભારની લાગણી પ્રગટ કરે છે.



## વિદ્યાવિહારમાં Counseling Centre:

Alumni શ્રી બિંદુ પ્રસાદ, શ્રી બીના હાંડા, શ્રી સ્મૃતિ ડાગુરની મદદથી વિદ્યાવિહારમાં Counseling Centre શરૂ કરવાની પ્રાયોગિક પ્રક્રિયા ચાલે છે જે ટૂંક સમયમાં વિધિવત શરૂ થઈ જશે.

## શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જોડાણઃ

શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જોડાણ તેમજ કારકિર્દી માર્ગદર્શન માટે પણ ઘણા alumni આગળ આવી રહ્યા છે. વિદ્યાવિહારના અનેક વિદ્યાર્થીઓએ તેઓએ મેળવેલ મૂલ્યનિષ્ઠ તેમજ ઉચ્ચ ચારિત્ર્ય ઘડતરની સુવાસ વિશ્વભરમાં પ્રસરાવી છે. વિદ્યાવિહાર પરિવારના જ alumni આવી વિવિધ વિષયો પર સંવાદ કરે કે માર્ગદર્શન આપે, તેમના અનુભવો તેમજ સંસ્મરણો વિદ્યાર્થીઓ સાથે વહેંચે તે વર્તમાન વિદ્યાર્થીઓ માટે ખૂબ જ માર્ગદર્શક અને મદદરૂપ બની રહેશે.



**હેતલ મહેતા**, ARO, શેઠ ચી. ન. વિદ્યાવિહાર

# ગમ્મત સાથે જ્ઞાન આપતું સી. એન. બાલ વિદ્યાલયના વાલીઓનું અનોખું ગ્રુપ



આજના આધુનિક અને ભાગદોડ વાળા જીવનમા બાળકોના જન્મ પછી સૌથી પહેલો મૂંઝવતો સવાલ તેના માતા પિતાને બાળકના ઉજ્જવળ અભ્યાસને લઈને રહેતો હોય છે. દરેક માતા પિતાની ઇચ્છા હોય કે તેમના બાળકોને આધુનિક શિક્ષણની સાથે ભારતીય સંસ્કૃતિ, પરંપરા, સંસ્કારનું જ્ઞાન અને સિંચન મળે, આધુનિક જીવનની કડવી વાસ્તવિકતા છે કે અંગ્રેજી માધ્યમના પ્રભાવ, દેખાદેખી અને ડિજિટલ યુગમા બાળકો આપણી માતૃભાષા અને પરંપરાગત રમતોથી દુર થઈ રહ્યા છે. જેની સીધી અસર બાળકોના. મન, શરીર, વાણી અને વર્તન ઉપર પડે છે.

આપણાં સૌ માટે ગૌરવની વાત છે કે આપણા બાળકો શહેરની ૧૧૧ વર્ષથી પ્રતિષ્ઠિત, ગાંધીમૂલ્યોને વરેલી, આંબાવાડી જેવા પોશ વિસ્તારમા વિશાળ બાગબગીચા, રમતના મેદાનો, રમતગમતના સાધનો, ધાર્મિક સ્થાન, આધુનિક કોમ્પ્યુટર લેબ, સ્પોર્ટસ એકેડમી, વિશાળ વર્ગખંડો, વિદ્યાર્થીઓના અભ્યાસ અને કાળજી માટેના તમામ આધુનિક ઉપકરણો અને સિક્યુરિટી સહિતની અદ્યતન સુવિધા ધરાવતી અને વિશાળ સંકુલમા પથરાયેલ શેઠ સી એન વિદ્યાવિહારમાં અભ્યાસ કરી રહ્યા છે.

શાળા બાળકોને શ્રેષ્ઠ અભ્યાસની સાથે રમતગમત અને બીજી પ્રવૃત્તિઓ માં શ્રેષ્ઠ બનાવી રહી છે, પણ અભ્યાસ સિવાયના સમયમાં પણ બાળકો વધારે શારીરિક અને માનસિક રીતે સક્ષમ બને, તેમનામા પરંપરાગત મૂલ્યો, રમતો અને સંસ્કારનું સિંચન થાય તેવા શુભ આશયથી બાલ વિભાગના અમુક વાલીઓ દ્વારા બાળકોને દર શનિવારે સાંજે વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે વાર્તાઓ, બોધપાઠ, અલગ અલગ રમતો, આર્ટ અને ક્રાફટની પ્રવૃત્તિ, સારા વક્તાઓને બોલાવી બાળકોના શ્રેષ્ઠ ઘડતર માટે માતા પિતાને સમજ આપવી, જ્ઞાનસભર સંસ્થાઓની મુલાકાતો, કૌટુંબિક ભાવના જળવાય તેવી પ્રવૃત્તિઓ, સમુહ ભોજન/નાસ્તો, નેચરોપથી અને આયુર્વેદ નિષ્ણાંતોને બોલાવી બાળકને સારા સ્વાસ્થ્ય અંગેની સમજ આપવી, પ્રત્યેક સપ્તાહ એક પ્રવૃતિ દર શનિવારે બાળકો તેમના માતાપિતા સાથે આવે અને પ્રવૃતિમા જોડાય અને મહિનાના અંતમા દર રવિવારે માતા પિતા બંનેને સંમિલિત કરીને ધાર્મિક સ્થાનની મુલાકાત, અન્ય પ્રેરણા રૂપ સંસ્થાઓની મુલાકાત જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરાવી રહ્યા છે, બાળકોના ઘડતર માટે સેવિકા સમિતિ સંસ્થાને ગ્રુપ સાથે જોડી દેવામા આવી છે, જેનો લાભ બાળકો સહિત માતા પિતાને પણ થઇ રહ્યો છે. ગ્રુપની આ પ્રવૃતિઓ જાણી અન્ય વાલી મિત્રો પણ ગ્રુપમા જોડાઈ રહ્યા છે

ગ્રુપની આ પ્રવૃતિઓની જાણ શાળાના માનનીય આચાર્યા શ્રીમતી નિમિષાબહેનને થતા તેઓશ્રી પણ વાલીઓના લાગણીસભર આમંત્રણને માન આપીને રૂબરૂ પધાર્યા હતા મોટી સંખ્યામા આવેલ બાળકો અને વાલીઓનો નિસ્વાર્થ પ્રેમ, લાગણી, સ્નેહ જોઈને આચાર્ય શ્રી ભાવવિભોર થઈ ગયા હતા. ગ્રુપની તમામ પ્રવૃતિઓની માહિતી મેળવી અને બિરદાવી હતી, ભવિષ્યના કાર્યક્રમ માટે શુભેચ્છા સહ સહકાર આપવાનું કહ્યું હતું.

અંતમા અમો સૌ વાલી મિત્રો શાળાના ટ્રસ્ટી મંડળ, નિયામકશ્રી, આચાર્યાશ્રી, અને તમામ શિક્ષકોનો આભાર વ્યક્ત કરીએ છીએ કે જેમની અથાગ મહેનતના કારણે અમારા બાળકો શ્રેષ્ઠ શિક્ષણની સાથે અન્ય પ્રવૃતિઓમા. પણ અગ્રેસર થઈ રહ્યા છે.

**શેઠ ચી. ન. બાલ વિદ્યાલય**

# કમ્પ્યૂટર સેન્ટર ખાતે વિદ્યાવિહારના તમામ શિક્ષકો માટે વર્કશોપનું આયોજન





શેઠ સી. એન. વિદ્યાલયની ૧૯૬૫ થી ૧૯૬૮ની બેચના પૂર્વ વિદ્યાર્થીઓની મદદથી માર્ચ ૨૦૨૩માં સી. એન. કમ્પ્યૂટર સેન્ટરમાં સ્માર્ટ બોર્ડ, અદ્યતન કમ્પ્યૂટર હાર્ડવેર અને સોફ્ટવેરથી સજ્જ એક લેબ અપગ્રેડ કરવામાં આવી. આ લેબને વિદ્યાવિહારના લર્નિંગ રીસોર્સ સેન્ટર તરીકે ઉપયોગમાં લેવાનું શરૂ કરવામાં આવ્યું. ૧૭ એપ્રિલ ૨૦૨૩ થી ૨૯ એપ્રિલ ૨૦૨૩ સુધી વિદ્યાવિહારની જુદી જુદી સંસ્થાઓના શિક્ષકો માટે વર્કશોપસ્નું આયોજન કરવામાં આવ્યું. શિક્ષકોની રચનાત્મક શક્તિમાં વધારો થાય અને વિદ્યાર્થીઓને રસપ્રદ શિક્ષણ મળી રહે તેમજ વિદ્યાર્થીઓ માટે રચનાત્મક શૈક્ષણિક મટેરિયલ તેઓ તૈયાર કરી શકે એ હેતુથી કમ્પયૂટર સેન્ટરના નિયામક શ્રી બિમલભાઈ રાવલ દ્વારા તેઓને Adobe Photoshopની વિશેષ તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં શિક્ષકોને ફોટો એડિટીંગ, લે-આઉટ, કંપોઝિટીંગ, ઇમેજ સાઇઝ, ઇમેજ રીઝોલ્યુશન, ઇમેજ ફીલ્ટર્સ, ઇમેજ-એક્સપોર્ટીંગ, સર્ટીફિકેટ ડીઝાઇન, વર્કશીટ ડીઝાઇન વગેરેની તાલીમ આપવામાં આવી. આ વર્કશોપમાં કુલ ૪૯ શિક્ષકોએ ભાગ લીધો. જેમાં શિશુવિહારના ૧૦ શિક્ષકો, વિશિષ્ટ વર્ગના ૫ શિક્ષકો, બાલ વિદ્યાલયના ૧૫ શિક્ષકો, કિશોર વિદ્યાલયના ૧૫ શિક્ષકો અને ડી.એલ.એડના ૪ શિક્ષકોએ તાલીમ મેળવી. આ તાલીમ મેળવીને તમામ શિક્ષકોને ખૂબ આનંદ થયો અને આ વર્કશોપસ્ના આયોજન માટે તેમણે આભાર માન્યો.



આ ઉપરાંત Ms-Word અને Ms-Excel ની વર્કશોપનું આયોજન કરાયું જેમાં કુલ ૧૬ શિક્ષકોએ ભાગ લીધો હતો. જેમાં શિશુવિહારના ૧૦ શિક્ષકો, વિશિષ્ટ વર્ગના ૩ શિક્ષકો અને બાલવિદ્યાલયના ૩ શિક્ષકોએ ભાગ લીધો હતો. આમ બંને વર્કશોપમાં વિદ્યાવિહારની જુદી જુદી સંસ્થાઓના કુલ ૬૫ શિક્ષકોએ ભાગ લીધો હતો. આ સાથે દરેક શિક્ષકને સ્માર્ટ બોર્ડની પણ તાલીમ આપવામાં આવી હતી. આ તમામ વર્કશોપસ્માં શિક્ષકોએ ઉત્સાહભેર અને રસપૂર્વક તાલીમ મેળવી હતી. તેઓએ આ પ્રકારની વર્કશોપ યોજાય અને તેનો તેમને લાભ મળે તેવો ઉત્સાહ દર્શાવ્યો હતો.

**બિમલ રાવલ**

નિયામક, શેઠ ચી. ન. કમ્પ્યૂટર સેન્ટર

## કમ્પ્યૂટર સેન્ટરમાં ધોરણ ૧ થી ૧૨ માટે મે માસમાં વેકેશન વર્કશોપનું આયોજન





દર વર્ષની જેમ શેઠ સી. એન. કમ્પ્યૂટર સેન્ટરમાં આ વર્ષે ૧મે થી ૧૭મે સુધી વેકેશન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. કમ્પ્યૂટર અંગે જુદી જુદી ૯ વર્કશોપમાં ધોરણ ૧ થી ૧૨ના કુલ ૭૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ ૯ બેચમાં ધો. ૧ થી ૪ માટે Computer Fun, ધો. ૫ થી ૭ માટે My First Website, ધો. ૮ થી ૧૨ માટે Image Editing, Video Editing, ધો. ૯ માટે Std. ૧૦ "C" Language, ધો. ૧૦ માટે Std. ૧૧ Linux & Synfig Studio, ધો. ૧૧ માટે Std. ૧૨ JAVA Language, ધો. ૧૦ પાસ માટે Ms-Office અને ધો. ૧૨ પાસ માટે C & C++ Programming ની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વર્કશોપના અંતિમ દિવસે વાલીઓને આમંત્રિત કરીને વિદ્યાર્થીઓએ મેળવેલ તાલીમ અંગે સમજાવવામાં આવ્યું અને તેમણે કરેલ કામ દર્શાવવામાં આવ્યું. આ સાથે વિદ્યાર્થીઓને Participation Certificate આપવામાં આવ્યાં.

**બિમલ રાવલ**
નિયામક, શેઠ ચી. ન. કમ્પ્યૂટર સેન્ટર

## આયોજનનું મહત્વ

આયોજન એટલે પ્લાનિંગ. આયોજન એટલે કોઈપણ સફળતાનું શિખર સર કરાવી દેતી પગદંડી. આજે આયોજનનો વિચાર ખુબ ઓછો થાય છે. મોટી સંસ્થાઓ, એકમો અને સરકારી ખાતાઓમાં પણ આયોજનનો અભાવ દેખાઇ આવે છે. ભવિષ્યના કામનું અગાઉથી આયોજન કરવામાં આવે તો સફળતા મળે છે. સાથે સાથે વધુ કામ થોડા સમયમાં માનસિક બોજ વગર ઝડપથી સારી રીતે કરી શકાય છે. આયોજન આપણાં ધ્યેયને પૂર્ણ કરી શકે છે અને સપનાને સંપૂર્ણ પણ કરી શકે છે. તે આપણને હળવા ફૂલ રાખે છે. જીવનમાં સફળતા મેળવવા આયોજન કરવું ખૂબ અગત્યનું છે અને જરૂરી પણ છે. સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે કે,

''યુવાનો ને જીવન જીતવું હોય તો આયોજન મુજબનું જીવન જીવવું જ પડશે. આયોજન જીવનની અડધી સફળતા છે.''

આયોજન એટલે સુખી, શાંત અને વ્યવસ્થિત જીવન જીવવા દોરવો પડતો નક્શો. આપણે જીવનમાં શું કરવું છે? એનું સરવૈયું અને જીવનમાં કેવી રીતે આગળ વધવું છે, તેની યોજના.

આયોજન એ ઇમારત છે, જે આપણે ચણવાની છે. આયોજન યોજના છે, આયોજન સફળતા અને કર્મની સંયોજના છે, એટલે જ આપણે જે આયોજન કર્યું હોય તેનું ચુસ્તપણે પાલન અને અમલ પણ કરવો જ રહ્યો. આયોજન થકી ગમે તેવા મુશ્કેલ લક્ષ્યો પણ પાર કરી શકાય છે માટે જ, મંજીલ દૂર છે. રાત ટૂંકી છે. સપનાં ઘણા છે. મંજીલ પામવી હોય, સપનાં પૂરા કરવા હોય તો, આયોજન કરો.

હિમાલી શાહ
શેઠ ચી. ન. શિશુવિહાર

## SCULPTURE

In every sculpture there dwells a soul
Rendered unalive.

Yet the trust of all artist can bring it back to life.

Days pass or pass many a moon
He doesn't know
For is lost in his own art.

And today we gaze at his wonder
A beauty we indulge in from afar.

The sculptor lays awake as the
Room is bathed in moonlight's glow.

The viewers glorify the angel
Carved from stone.

**- Manushi Trivedi, 10 B**
Sheth C N English Medium School

# SHETH C N ENGLISH MEDIUM SCHOOL Std 10th & 12th Annual Board Results 2022-2023

The students of Sheth C N English Medium School worked very hard and sincerely throughout the year. The students of standard 10th & 12th were eagerly waiting for the Annual Board Results 2023.

It gives us great pleasure to announce that all the students of standard 10th & 12th have passed with flying colours.

The contribution of the teachers, the tireless help which they extended to the students was remarkable.

Heartiest congratulations to all our star students who have brought laurels to our school by achieving excellent results in the 10th & 12th Board Examination - 2023

## Overall School Result

| Range | No. of Students | No. of Students |
|---|---|---|
| | Std – 10th | Std – 12th |
| 91 – 100 | 22 | 20 |
| 81 – 90 | 27 | 22 |
| 71 – 80 | 17 | 35 |
| 61 – 70 | 4 | 9 |
| 51 – 60 | 0 | 1 |

## Kudos to our top Scorers for scoring cent percent marks in Psychology subject:

| SR. | NO.NAME OF STUDENTS | STREAM |
|---|---|---|
| 1 | YUG PUROHIT XII | – SCIENCE |
| 2 | KUSH GOHIL XII | – SCIENCE |
| 3 | NUPUR VYAS XII | – HUMANITIES |
| 4 | HEER BHATT XII | – HUMANITIES |
| 5 | APURVA NAYAK XII | – HUMANITIES |
| 6 | MISHRI VORA XII | – HUMANITIES |
| 7 | AGARWAL LACHMI XII | – HUMANITIES |
| 8 | SHAH HIRVA XII | – HUMANITIES |
| 9 | SUTHAR RIDDHI XII | – HUMANITIES |

# Sheth C N English Medium School Girl – Aastha Laheru Joins NDA

Aastha Laheru, who studied in Sheth C N English Medium School from 2014 to 2021, has become the first girl from Gujarat to get admission in the National Defence Academy. Aastha has been selected in NDA after clearing the UPSC examination, a direct recruitment organization for officer posts in various wings of defence serving the nation. Among many congratulatory messages, Aastha was congratulated by Shri Bhupendrabhai Patel, Chief Minister of Gujarat, who applauded her spirit towards the army and the country.



Living in Maninagar area of Ahmedabad city, Aastha wanted to make her career in the Indian Army since her childhood. During her studies in Class IX, she made up her mind after watching a television program about the Navy. For this she also started preparing for NDA and Short Service Commission. Meanwhile, the way for Aastha to achieve her goal was eased by the central government opening the doors for the recruitment of women in all three wings of the Indian defence i.e. Army Navy and Air force.

The selection process includes psychometric tests in addition to medical tests over five days by the Service Selection Board. The criteria include leadership qualities, decision-making skills, sense of community among the candidates. Aastha says that CNEM has played a pivotal role in shaping her personality by providing her opportunities and a stage to showcase her abilities.

Out of 400 seats, 10 in Army, 6 in Air Force and 3 in Navy are for women. Her all India rank was 59 out of 538 students. Astha has been selected on the Army seat as per her demand. Now she is in the National Defence Academy, the prestigious Army College of the country located in Pune's Khadakwasla area. She will undergo three years of training there followed by pre-commission training at Dehradun.

The selection of a girl in the defence sector is a momentous occasion that deserves celebration and appreciation. It represents progress towards a more inclusive society and demonstrates that gender will never be a barrier to pursuing one's dreams. By acknowledging and honouring this remarkable achievement, we not only celebrate the individual but also inspire others to challenge stereotypes, embrace their strengths, and work towards a more equitable future. Let us applaud this young girl's courage, dedication, and commitment to serving her country, and wish her every success in her defence career.

**Rita Mukherjee,**
Director-Sheth C N Eng. Medium School

# શિશુવિહાર અને વિશિષ્ટ વર્ગમાં શાળા પ્રવેશ તેમજ પર્યાવરણ દિવસની ઉજવણી







તા.૫-૬-૨૦૨૩ ને સોમવારથી શાળાનું નવું સત્ર શરૂ થયું શિશુવિહાર અને બાલ શિશુવિશિષ્ટ વર્ગના બાળકો અને શિક્ષકોમાં અનેરો ઉત્સાહ હતો. બાળકોને કંકુ તિલક અને મો મીઠું કરાવી શાળામા આવકાર આપ્યો વર્ગો સુશોભિત કર્યા. પ્રથમ દિવસથી જ બાળકો ખુશખુશાલ જણાયા.

સદનસીબે પ્રથમ દિવસે જ વિશ્વ પર્યાવરણ દિવસ હતો. શિક્ષકોના પૂર્વ આયોજન અને સૂચના પ્રમાણે આ દિવસે બાળકો green-t-shirt પહેરીને આવ્યા અને તેઓએ વૃક્ષારોપણ કર્યું. બાળકોને વૃક્ષોનું જતન અને તેના ફાયદા વિષે જણાવ્યુ.

# શિશુવિહાર અને વિશિષ્ટ વર્ગમાં વિશ્વ યોગ દિવસની સંયુક્ત ઉજવણી







યોગ એ માનસિક, શારીરિક અને આધ્યાત્યમિક અભ્યાસ છે. નાનપણથી જ બાળકોને યોગની તાલીમ આપવામાં આવે તો તેમની માનસિક અને શારીરિક સ્થિરતા અને એકાગ્રતા કેળવાય છે, જે તેમના વિદ્યા-અભ્યાસ માટે ખૂબ જરૂરી છે વળી શરીર પણ સ્વસ્થ રહે છે. શિશુવિહાર અને બાલ શિશુ વિશિષ્ટ વર્ગમાં યોગ દિવસ નિમિત્તે ૐ કાર અને જુદા જુદા આસનો કરાવ્યા. પ્રોજેક્ટર દ્વારા યોગની સમજ અને મહત્વ સમજાવ્યું. બાળકોએ સૂચના મુજબના dress code મા શિસ્તબદ્ધ રીતે યોગાસન કર્યા.

# બે દિવસની રજા

બાળકો સાથે કામ કરવું ગમે અને બાળકોને આપણી સાથે કામ કરવું ગમે... આ બંને વાક્યમાં ઘણો ફરક છે .

જ્યારે બાળકોને આપણી સાથે કામ કરવું ગમે તે જ સાચું શિક્ષણ કહી શકાય. આમ તો મારા જીવનમાં બાળકો સાથેના ઘણા અનુભવો છે, તેમાંનો એક અનુભવ હું અહીં રજુ કરી રહી છું.

મારી હાલની નર્સરીની બેચ ૨૦૨૨-૨૩ જેમાં મારી સાથે કુલ ૨૮ ભૂલકાઓ છે, તેઓ મારી સાથે ઘણા એકમેક થઈને રહે છે. તારીખ-૧૩/૦૨/૨૦૨૩ સોમવારના રોજ અડધી રજા લઈને મારે શાળાએથી ઘરે આવવું પડ્યું હતું . તાવના લીધે હું પછીના દિવસે પણ શાળાએ જઈ શકી ન હતી. આ દરમિયાન મારા વર્ગમાં અન્ય ટીચર ગયા હતા.

બાળકોએ તરત પૂછ્યું... ધ્રુવી મેડમ કેમ નથી આવતા?

તે ટીચરે જવાબ આપ્યો હતો કે, તેમને તાવ આવે છે એટલે તે આવતા નથી. તારીખ-૧૫/૦૨/૨૦૨૩ બુધવારના રોજ હું શાળાએ ગઈ હતી. તાવમાં ફરક હતો પણ ખાંસી અને શરદી તો હતી જ. બાળકોએ મને જોઈને તરત જ પૂછ્યું... મેડમ હવે સારું થઈ ગયું ?

આ સાંભળતાની સાથે જ સ્ફૂર્તિમાં વધારો થઈ ગયો...અને બાળકોની આવી લાગણી જોઈને મને ખુશી થઈ ! હળવેથી મેં જવાબ આપ્યો કે હા, હવે મને સારું છે મારા દીકરાઓ.

ત્યાં જ એક-બે વાલી બાળકને ક્લાસ સુધી મૂકવા આવ્યા હશે.. મને જોઈને કહેવા લાગ્યા મેડમ તમે ના આવો તો અમારા છોકરાઓ એમ જ બીમાર થઈ જશે. આખો દિવસ ઘરે આ જ વાત હોય ધ્રુવી મેડમ સ્કૂલ નથી આવતા, હું શાળાએ નહીં જવું. ધ્રુવી મેડમ માટે દવા લઈને જવાની છે, તેમને તાવ આવે છે; મમ્મી તું કડવી દવા ના લેતી, મીઠી દવા લેજે. ધ્રુવી મેડમને કડવી દવા ન અપાય. વાલીએ ઇશારો કરીને કહ્યું બેગમાં દવા મૂકી છે તે તમે લઈ લીધી છે એવું તમે કહેજો. આ લાગણી જોઈને ખરેખર મને ખૂબ ગમ્યું હતું. હસીને હું વર્ગખંડમાં આવી ત્યાં જ મને ખાંસી આવી અને એ જોઈને તરત જ મારા ભૂલકાઓ બોલ્યા મેડમ! આઈસ્ક્રીમ ના ખાતા હોય તો; તમે તો કીધું હતું... શિયાળામાં આઈસ્ક્રીમ ખવાય નહીં. પછી મેં કીધું હવેથી હું ધ્યાન રાખીશ. ફરીથી એના પછીના દિવસે મારી તાવના લીધે થઈને શાળામાં રજા પડી. સાંજે મારા વર્ગ એક સ્ટુડન્ટની વીડિયો ક્લિપ આવી. જેમાં મમ્મી કહે છે આ દવા કેમ લે છે? તેનો ઉત્તર આપતા સ્ટુડન્ટ કહે છે, ધ્રુવી ટીચરને હજી મટયુ નથી તો દવા આપવી પડે ને તો જ ધ્રુવી ટીચરને મટે ને! ધ્રુવી ટીચર પાસે દવા છે થોડીક પણ એમને હજી વધારે જોઈશે. (વર્ગમાં રિસેસ સમય બાદ દવા લેતા સમયે મને જોઈ હશે.) આ દવા છે ને લઈને જવાની છે. એટલે તારા પર્સમાં મૂકી દેજે. આમ પર્સ ખોલીશ, એમાંથી દવા લઈશ અને મેડમને આપીશ અને કહીશ, ટીચર આ તમારા માટે દવા લાવ્યો છું, તમને બહુ ખાસી છે ને !

આ વિડીયો જોઈને બે મિનિટ તો આંખમાંથી ખુશીના આંસુ આવી ગયા. વિડિયો ક્લિપ મેં પાંચ વાર જોઈ હશે. હજી પણ એવું જ થયા કરે હજી એક વાર... હજી એક વાર... જોઉં.

સોમવારે જ્યારે હું શાળાએ ગઈ ત્યારે બીજા એક સ્ટુડન્ટે કહ્યું... તમને મારી અડધી ચમચી દવા આપીશને તો તમને તરત જ સારું થઈ જશે. હું મમ્મીને ઘરે જઈને કહીશ તમારા માટે આવતીકાલે દવા લઈને આવે.

આમ; મારા તમામ ભૂલકાઓ ઘણા લાગણીશીલ છે. ખરેખર દિલથી કહું તો મારો એમની સાથેનો અને તેઓનો મારી સાથેનો એક અલગ જ પ્રેમ બંધાઈ ગયો છે.

તેઓ મારી સાથે લાગણીના તાણાવાણાથી વણાઈ ગયા છે.

*Teacher-child relationships are most commonly measured in terms of closeness and conflict. A child with a close relationship is likely to feel warmth and connectedness toward the teacher, and to see the classroom as a safe and affirming learning environment.

*A healthy teacher-student relationship is essential for effective learning. s` positive teacher-student bond offers multiple benefits. The bond between a teacher and student is infused with equal doses of discipline.

**ધ્રુવી સેજપાલ.**

શેઠ ચી.ન. શિશુવિહાર વિશિષ્ટ વર્ગ

# શેઠ સી.એન. કોલેજ ઓફ એજયુકેશનના તાલીમાર્થીઓને શુભેચ્છા સંદેશ

શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૦૨૩ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન બી.એડ. અભ્યાસક્રમમાં કુલ ૩૮૭૬ પ્રશિક્ષણાર્થીઓએ પરીક્ષા આપેલ હતી. ગુજરાત યુનિવર્સીટી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ પરિણામમાં ચારેય સેમિસ્ટરના મળીને કુલ માર્કસને આધારે પરિણામ સાથે ટોપ-૫૦ વિદ્યાર્થીઓના સીટ નંબર પણ પ્રકાશિત કર્યા છે. અત્યંત હર્ષ સાથે જણાવવાનું કે, શેઠ સી.એન. કૉલેજ ઓફ એજ્યુકેશનના કુલ ૧૪ પ્રશિક્ષણાર્થીઓએ સૌથી વધુ ગુણ મેળવી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. આપણી સંસ્થાનો એક ઉદેશ્ય સાથે પાયો નાખનાર મુરબ્બી ઈન્દુમતી બહેનના સાદગી અને સમાજોત્કર્ષ, પાયાના સિદ્ધાંતોને વળગી રહી મારા કાર્યક્ષેત્ર સાથે જોડાયેલા મારા શેઠ સી.એન. કૉલેજ ઓફ એજ્યુકેશન પરિવારના અધ્યાપક મિત્રોને વિશેષ અભિનંદન પાઠવું છું. કર્તવ્યનિષ્ઠ અને સેવાવૃત્ત અધ્યાપકશ્રીઓએ સતત જાગૃત રહી સંસ્થાનું શૈક્ષણિક ભાવાવરણ એટલું સહજ બનાવ્યું કે તેનું પરિણામ આજે સમાજ સમક્ષ પ્રસ્તુત છે. અધ્યાપકશ્રીઓના માર્ગદર્શન અને શૈક્ષણિક સહવાસથી પ્રશિક્ષણાર્થીઓ ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી શક્યા છે.

સંસ્થાના પ્રબુદ્ધ ટ્રસ્ટીશ્રીઓ, નિયામકશ્રી અને સંસ્થાના વિવિધ વિભાગીય વડાશ્રીઓનો સતત સાથ સહકાર અને હૂંફને કારણે સંસ્થા શૈક્ષણિક સમાજમાં એક મજબૂત સ્થાન પામી શકી છે. હું આ સંસ્થાના આચાર્ય તરીકે તમામ વંદનીયશ્રીઓનો આભાર વ્યક્ત કરું છું. અને આ સાથે આ તમામ પ્રતિભાઓ તરફથી નેતૃત્વ સ્વીકારી પ્રશિક્ષણાર્થીઓને શુભેચ્છા પાઠવું છું કે, ભવિષ્યમાં વધુ ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરો અને શેઠ સી.એન. વિદ્યાવિહારના પ્રતિબિંબ બની સમાજોત્કર્ષ માટેના સંનિષ્ઠ પ્રયાસ કરો. જેથી, સેવાયજ્ઞ બાદ સંતોષનું ફળ પ્રાપ્ત થાય અને આવનાર પેઢીને આનંદ અને ગર્વ સાથે કેળવી શકો. શેઠ સી.એન. પરિવાર હમેશા આપની પડખે જ છે, તે વિશ્વાસ સાથે નમસ્કાર.

**ડૉ. હરેશકુમાર ભુપતભાઈ વાઢેલ**

આચાર્ય શેઠ ચી. ન. કૉલેજ ઑફ એજ્યુકેશન

# ગાંધીજીનું બુનિયાદી શિક્ષણ

આજે પશ્ચિમના શિક્ષણના વાયરામાં કેળવણી વિસરાઈ રહી છે ત્યારે, ગાંધીજી બહુ યાદ આવે છે. એમણે રોપેલી બુનિયાદી કેળવણીનો છોડ પુનઃનવપલ્લવિત કરવાની NEP-૨૦૨૦ સંદર્ભે તાતી જરૂર જણાય છે.

બુનિયાદી શિક્ષણ પ્રયોગ એ શિક્ષણક્ષેત્રે ગાંધીજીનું ક્રાંતદર્શન હતું. ભારતીય પર્યાવરણમાં બુનિયાદી શિક્ષણપ્રથા એ ભારતીય સમાજના નવનિર્માણને એક ક્રાંતિકારી પ્રયોગ હતો.

**ગાંધીજીએ આપેલી બુનિયાદી શિક્ષણની મુખ્ય લાક્ષણિકતાઓ**

૧. સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણ
૨. ઉદ્યોગ કેન્દ્રી શિક્ષણ
૩. સ્વાવલંબન
૪. માતૃભાષા દ્વારા શિક્ષણ
૫. અહિંસા

'જો મારા દેશની મારી લાખ્ખો બહેનોને ગરીબીના કારણે પોતાનું શરીર ઢાંકવા પૂરતા વસ્ત્રો નહી મળે ત્યાં સુધી મને આટલા બધા કપડાથી લદાઈને રહેવાનો કોઈ અધિકાર નથી' બસ, એ જ દિવસથી ગાંધીજીએ સંકલ્પ કર્યો કે તેઓ માત્ર ઘૂંટણ સુધીનું એક જ વસ્ત્ર માત્ર એક જ ધોતી પહેરીને જીવશે અને આ સંકલ્પનું તેમણે જીવનપર્યંત પાલન કર્યું.

આમ, ચંપારણના ગરીબ કિસાનોની સ્ત્રીઓની આવી હાલતે ગાંધીજીના શરીર પરથી સીવેલા વસ્ત્રો ઉતારી દેવડાવ્યા.

ઈંગ્લેંડના રાજા સાથેની મિટિંગ પૂરી થયા બાદ બ્રિટિશ પત્રકારોએ ગાંધીજીને પૂછ્યું : 'તમે આટલા ઓછા વસ્ત્રો કેમ પહેર્યા હતા'? ત્યારે બાપુએ હસીને જવાબ આપ્યો હતો'તમારા રાજાએ અમને બંનેને થાય એટલા વસ્ત્રો પહેર્યા હતા માટે.'

બુનિયાદી શિક્ષણમાં સ્વાવલંબન એ ગાંધીજીએ આપેલી તેજાબી કસોટી છે. જે વ્યક્તિના વ્યક્તિત્વને ઘડવામાં ખૂબ જ ઉપયોગી છે.

નવી પેઢીને થતું હશે કે ''બુનિયાદી શિક્ષણ છે શું?'' જીવનલક્ષી કેળવણી પામવા હેતુ ગાંધીજીએ 'બુનિયાદી શિક્ષણ' ને ખૂબ જ મહત્વ આપેલું. જીવનભર ગાંધીજીએ અગિયાર મહાવ્રતોનું પાલન કરી વિશ્વ સામે અજોડ ઉદાહરણ પૂરું પડેલું. ''અગિયાર મહાવ્રતો''ને લક્ષમાં રાખીને એમણે'બુનિયાદી શિક્ષણ'દ્વારા જીવનમાંગલ્યની કામના કરી છે. જે અગિયાર મહાવ્રત આ મુજબ છે.

સત્ય, અહિંસા, ચોરી ના કરવી,
વણજોઈતું નવ સંઘરવું,
બ્રહચર્યને, જાતે મહેનત,
કોઈ અડે નવ અભડાવું,
અભય, સ્વદેશી, સ્વાર્થ, ત્યાગને,
સર્વધર્મ સરખા ગણવા,
આ અગિયાર મહાવ્રત સમજી
નમ્રપણે દ્રઢ આચરવા.

સેવા, શ્રમ, સમૂહજીવન, ખાદી, સ્વચ્છતા અને કેળવણી વિષયક એમના વિચારોનો પડઘો આ ''બુનિયાદી શિક્ષણ''માં સતત પડયા કરે છે. બુનિયાદી શિક્ષણ એટલે...

ગામડાનો માણસ પોતાના આંતરિક કૌશલ્યો થકી સ્વવિકાસને સાધી જીવનકળાઓ દ્વારા જાતે પગભર થાય એવું વાતાવરણ નિર્માણ કરવું એ બુનિયાદી શિક્ષણનું મૂળભૂત પ્રયોજન ગણી શકાય. જેની શરૂઆત આપણે ત્યાં મહાત્મા ગાંધીજીએ કરેલી.

ગાંધીજીનું માનવું હતું કે જે કેળવણી કામથી કરમાય અને શરમથી શરમાય એ સાચી કેળવણી નથી. સમાજમાં શ્રમનું ગૌરવ થાય. શ્રમ અને શ્રમિકોનું સન્માન થાય એ જ સાચી કેળવણી છે.

આમ, ગાંધીજીના શિક્ષણદર્શને ભારતીય શિક્ષણપ્રથાને નવી દ્રષ્ટિ અને દિશા આપી છે. હજી પણ આપણાં પરંપરાગત અને રૂઢ માનસને લીધે દિશા હોવા છતાં ગતિ સાંપડી નથી. એ આપણી કમનસીબી છે તેના માટે નૈતિક નિષ્ઠા, અમલીકરણ અને ઉત્સાહના પ્રયત્નોની જરૂર જણાય છે.

મહાત્મા ગાંધીજીએ રોપેલો કેળવણીનો આ છોડ કાળક્રમે પશ્ચીમી સંસ્કૃતિના શિક્ષણના ફૂંકાયેલા વાયરામા મુરજાઈ રહ્યો છે. બુનિયાદી શિક્ષણના આપણાં પૂર્વજ વિચારકોએ નાખેલા પાયાને પુનઃમજબૂત કરવા પ્રયત્નશીલ બનવું એ જ પૂજ્ય બાપુને સાચી અંજલી ગણાશે.

હિરલ ડાભી
દ્વિતિય વર્ષ, શેઠ ચી.ન.ડી.એલ.એડ કૉલેજ

## Education and Social change

Education can help us embrace social change by cultivating a positive outlook and broadening our thinking. In ancient times it was said that if a student went to the Guru, he had to win himself and learn the art ofself-respect. Such students were very kind, confident, and fearless.Education provides knowledge, training and skill as well as inculcates new thoughts and attitude among young. Many of old superstitious beliefs and absolute values which prevent progress, through education can be changed in the favor of enlightened ideas.

Education is very precious in everyone's life. Ex. An educated person should not depend on others for their success. Secondly, Person should be independent and aware about education and also learn a self-control. Further, Education creates the connectivity between rural and urban area. Every village should have a complete education system.Secondly,every countryside should provide proper equipmentfor education. So, everyone likes to live there.

All of these days, people want to learn many more things in a short period of time. Nowadays there are so many things like art, culture, and science. Thus, education has the strength to changeattitudes towards people and society.Education plays a vital role in social change. It is an important instrument for all. Education for all, at all levels, and at all ages of children is the only remedy to bring about the desired social change in society.

To conclude,the main objective of democratic education is to create an ideal citizen. Society must be changed by changing values.

**Rutu. M. Patel**
F.Y. Sheth C. N. D.El.Ed. College

# સર્વાંગી વિકાસ

શિક્ષણ એ ફક્ત પાઠ્ય પુસ્તકમાંથી પાઠ શીખી તેને યાદ રાખી પરીક્ષામાં સારા ગુણ લાવવા પૂરતું સીમિત નથી. બાળકનો સર્વાંગી વિકાસ થઈ શકે એ કોઈ પણ શાળાનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઈએ. સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે 'માનવીની સંપૂર્ણ વ્યક્તિત્વતાનું પ્રગટીકરણ એટલે શિક્ષણ. શિક્ષણને વિશાળ પરિપ્રેક્ષ્યમાં સમજીએ તો તેનાથી સૌ પ્રથમ વિષયની સમજ અને નિપુણતા સાથે ઉચ્ચ ચારિત્ર્ય ઘડતર અને સમગ્રતયા વ્યક્તિત્વ વિકાસ થાય એ પણ ખૂબ જ અગત્યનું છે.

દરેક બાળકને કુદરતે એક વિશિષ્ટ શક્તિ બક્ષેલી છે એને ઓળખીને તેને યોગ્ય વાતાવરણ આપીને વિકસાવવાની જવાબદારી વાલી, શાળા તેમજ સમાજની પણ છે. બાળક નાનપણથી જ તેની આસપાસના વાતાવરણમાંથી જે જોવે છે તે શીખે છે અને તેની સમજ પ્રમાણે એનું અનુકરણ પણ કરે છે. ઘરમાં, શાળામાં થતાં કામ, પ્રવૃત્તિઓ તે ધ્યાનથી જોવે છે અને જાતે જ તે કરવા પ્રેરાય છે કે પ્રયત્ન કરે છે આવા સમયે તું આમ નહીં કરી શકે કહી એને રોકવા કરતાં તેની સાથે જોડાઈ તેને યોગ્ય રીતે તે પ્રવૃત્તિ કરવા પ્રેરવા જોઈએ. જો બાળક એમ કરશે તો ભૂલ થશે, અને ભૂલ થશે તો એ ફરીથી સાચી રીતે કામગીરી કરવા પ્રેરાશે અને અંતે તેમાં સફળ પણ થશે જ. આ અનુભવ તેને ફરીથી ભૂલ કરતાં અટકાવશે અને પછી એ સાચી રીતે જ કાર્ય કરશે. ગાંધીજીના મતે 'કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમા પ્રગટ થવાની અનુકૂળતા આપવી તેમજ દરેક ભૂલમાથી પણ કઈક શિક્ષણ મળે છે.' અનુભવજન્ય કેળવણી બાળકના વિકાસમાં મહત્વરૂપ ભૂમિકા ભજવે છે. પુસ્તકમાં જણાવેલ બાબત કરતાં વધુ સારી રીતે એ જ બાબત વ્યવહારથી શીખવાડવામાં આવે તો તે વધુ સિધ્ધ થઈ શકશે. તેનો આત્મવિશ્વાસ અને અભિરુચી કેળવવાની સાથે એ પ્રવૃત્તિ તેના માટે આનંદદાયક બનશે.

શિસ્ત તેમજ અનુશાસનના પાઠ, સારા-નરસાની સમજ બાળપણથી જ કેળવાય છે બાળકને ભાર વિનાના ભણતર અંતર્ગત પ્રવૃત્તિલક્ષી શિક્ષણ આપી તેના બાળપણને ખીલવા અને મહોરવા દેવું જોઈએ. શાળાના મકાનની બહાર બને એટલું એને પ્રકૃતિની ગોદમાં ખીલવા દેવું જોઈએ. એની નાની નાની પ્રવૃત્તિઓ જેવીકે નાના નાના ચિત્રોની મદદથી વાંચતા શીખવું, કોઈ વિષય પર એને જે વિચાર આવે એ લખવા પ્રયત્ન કરવો, માટીમાંથી ઘર અને નાની નાની વિવિધ આકારની વસ્તુઓ બનાવવી, થરમોકોલની શીટમાથી વિવિધ મકાન અને વસ્તુઓના મોડેલ બનાવવા, કાગળની હોડી બનાવી પાણીમાં તરાવવી, થાળી પર વેલણ વગાડી સંગીત વગાડવું, ડબ્બા પર તબલા વગાડવા, રેતી માં કઈક ચિત્રો બનાવવા, સાહસભર્યા કામ કરવા, લાકડીને દોરી બાંધી તીરકામઠું બનાવવું, જૂના રમકડાંના પાર્ટ છૂટા પાડી કઈક નવું મોડેલ બનાવવું, નાના છોડ વાવવા તેને પાણી પાવું, ઘરમાં વડીલોને મદદરૂપ થવું, માતાને રસોઈ બનાવતા જોઈ તેનું અવલોકન તેમજ અનુકરણ કરવા પ્રયત્ન કરવો, TVમાં આવતું અમુક સંગીત જોવું, ગાવું કે વગાડવું, પસંદીત રમતો જોવાનો વિશેષ આગ્રહ રાખવો, પોતાના નાના નાના કામો જાતે કરી સ્વાવલંબી બનવાનો આગ્રહ રાખવો, ઘરમાં તેમજ મિત્રો સાથે જુદી જુદી રમતો દ્વારા સંઘભાવના અને પરસ્પર સંપ કેળવવા જેવી આવડત અને પ્રવૃત્તિઓ પરથી શિક્ષણની સાથે તેની પસંદીત પ્રવૃત્તિઓ પ્રત્યે તેનું મહત્તમ-વારંવારનું ખેંચાણ તેની આવતીકાલ અંગે દિશાનિર્દેશ કરે છે, અને આ નાની જણાતી બાબત ભવિષ્યમાં તેને શિક્ષણ ઉપરાંત સંગીત, ચિત્ર, ઉદ્યોગ, કલા, સાહિત્ય, વિજ્ઞાન, ટેકનોલોજી જેવા વિષયો તરફ વિશેષ રુચિ વિકસાવવામાં મદદરૂપ થાય છે.

જીવનોપયોગી ગુણો જેવાકે, નમ્રતા, નિખાલસતા, સાદગી, સ્વચ્છતા, પરસ્પર વિશ્વાસ અને પ્રેમ, સંઘભાવના, સહકાર, નીડરતા અને ખેલદિલી બાળપણથી જ કેળવાય છે જેને વ્યવહારિક શિક્ષણ વડે કેળવી શકાય છે. ફક્ત ડોક્ટર કે એન્જિનીયર બને તો જ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું કહેવાય એ જાતની માનસિકતા સમાજમાં પ્રવર્તે છે. દરેક બાળકના રસના વિષય તેના સામાજિક, ભૌગોલિક તેમજ કૌટુંબિક વાતાવરણને અનુરૂપ અલગ અલગ હોઈ શકે છે. ઘરમાં બોલાતી સભ્ય ભાષા, વડીલોનો આદર, એકબીજાને મદદરૂપ થવાની ભાવના, સદ્‌વિચારો, સત્કાર્યો જેવી બાબતો બાળકના ચારિત્ર્ય નિર્માણમા ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

સૌથી પહેલા તો બાળકના રસના વિષયને ઓળખીને તેને તેમાં આગળ વધવા યોગ્ય વાતાવરણ આપવાની જરૂર છે. બાળકનો યોગ્ય વિકાસ તેના પસંદીત વિષયમાં આગળ વધવા માટે તેને પ્રોત્સાહન અને વાતાવરણ પૂરું પાડવાથી જ મૌલિક અને સચોટ રીતે થશે. ૬ વર્ષ પૂર્ણ થયા બાદ ધોરણ ૧ માં પ્રવેશ આપવાના સરકારશ્રીના નિયમ મુજબ બાળકને તેના બાળપણને માણવા માટે વધુ ૧ વર્ષ મળી ગયું છે. નિર્દોષ બાળપણના વર્ષો બાળકના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહત્વના છે. દરેક બાળક અભ્યાસમાં તેજસ્વી ના પણ હોય તેની રુચિ અન્ય ક્ષેત્રમાં વિશેષ હોય ત્યારે બાળપણથી જ આ બાબત પર વધુ ધ્યાન આપવાની સહુની ફરજ બની જાય છે.

ભારત જેવા ૧૪૦ કરોડની આબાદી ધરાવતા દેશમાં આજના સમયની વાસ્તવિકતા એ છે કે નોકરી મેળવવા માટે વિશાળ પ્રમાણમા પ્રતિસ્પર્ધા છે. ત્યારે સહુને સીમિત માળખામાં નોકરી મળવાની શક્યતાઓ ઓછી જણાય છે.National Education Policy 2020 અંતર્ગત રૂઢિગત ક્ષેત્રોથી આગળ વધી નવતર ક્ષેત્રોમાં રુચિ અનુસાર શિક્ષણ મેળવી કારકિર્દી ઘડવાની વિવિધ તકો રહેલી છે. NEP-2020માં કલા-સંકલન માટે વિશાળ અવકાશ છે. દરેક બાળકને તેના પસંદ કરેલા ક્ષેત્રમાં કારકિર્દી બનાવવાનો અવકાશ આપવામાં આવ્યો છે. આ કલા-સંકલિત અભિગમ શિક્ષણ અને સંસ્કૃતિ વચ્ચેના જોડાણને મજબૂત બનાવશે અને ભવિષ્યમાં પસંદીત ક્ષેત્રમાં કારકિર્દી વિકસાવવા માટે વિવિધ તકો પણ પ્રાપ્ય બનશે. વિશ્વમાં કમ્પ્યુટર, મોબાઈલ અને ટેક્નોલોજીના વ્યાપક પ્રભાવ અને પ્રસારને કારણે બાળકને બધી જ સુવિધાઓ પ્રાપ્ય બની શકશે. કોરોના મહામારી દરમ્યાન બાળકો આવી ટેક્નોલોજીના ઉપયોગથી ટેવાયેલા જ છે. અહી સંસ્થાના સફળ સંવાહક પદ્મશ્રી ઈન્દુમતીબહેન શેઠે ૧૯૫૬માં જણાવ્યા પ્રમાણે.

**''ઉદ્યોગ કરતા કરતા બાળકની સમક્ષ અનેક પ્રશ્નો, મુશ્કેલીઓ, કોયડાઓ ઉભા થશે અને શિક્ષકની દોરવણી નીચે બાળક જાતે જ તેને સમજવા, તેને ઉકેલવા પ્રયત્ન કરશે. તેમાં તેને અનેક હકીકતો અને વિષયો જાણવા મળશે. આ આખી ક્રિયામાં એક સતત અનુબંધ આવી જાય છે. અને જ્ઞાનનું સંયોજન થાય છે.'' – ઈન્દુમતીબહેન શેઠ (૧૯૫૬)**

ચાલો સહુ શિક્ષણની સાથેસાથે બાળકને એમની પસંદીત પ્રવૃત્તિ સાથે જોડીએ અને આપણે પણ જોડાઈએ. બાળકની મૌલિકતાને સમજીએ, તેમની સર્જનાત્મકતાને રજૂ કરવા પ્રોત્સાહન આપી તેમની ક્ષિતિજોને વિસ્તરવા અને વિકસવા માટે અવકાશ આપીએ.

**હેતલ મહેતા**, ઇન્ચાર્જ-સ્મૃતિ કેન્દ્ર/આર્કાઈવલ સેન્ટર

## વાંચશો તો તરશો

આજનો યુગ દોડધામવાળો, ભીડયુક્ત, તનાવયુક્ત એવો યંત્રયુગ છે. આજના યુગની વિશિષ્ટતા એટલે ગતિશીલતા અને સ્પર્ધાત્મક જીવન. આજના યુગમાં માનથી કે વટથી જીવવું હોય તો આપણે આસપાસની પરિસ્થિતિથી તથા ઘટમાળથી માહિતગાર રહેવું જોઈએ. કેવળ પુસ્તકના કીડા રહેવાથી આ સાધ્ય થશે નહી.

ઘણાં બાળકોને વાંચનનો શોખ એટલો બધો હોય છે કે તેઓ વર્ગમાં અભ્યાસ કરતી વખતે વાર્તાની ચોપડીઓ અભ્યાસ કરવાના પુસ્તકમાં સંતાડીને વાચે છે. આમ અભ્યાસ પ્રત્યે દુર્લક્ષ થવાથી અભ્યાસમાં મીંડું અને ચોરી છુપીથી મન પર તનાવ સાથે વાંચવાથી પુસ્તક પુરું વાંચ્યા પછી હાથે કંઈ પડતું નથી. મનમાં કંઈ ઊતરતું નથી. શું વાંચવું, કેવું વાંચવું, ક્યારે વાંચવું અને કેટલું વાંચવું આ બધી બાબતનો વિચાર કરવો જોઈએ. વાંચતી વખતે સમજ્યા વગર વાંચવાથી સંપૂર્ણ પુસ્તક વાંચ્યા પછી પણ શું વાંચ્યું? શું સમજ્યા? નવું શું જ્ઞાન પ્રાપ્ત થયું? આવા અનેક પ્રશ્નોના જવાબ તમે આપી શકતા નથી. તો પછી વાંચવાથી શો ફાયદો? એક તો સમયનો દુર્વ્યય થયો અને ઘણી વાર અજાણતાં જ કુસંસ્કારોનું મન પર સિંચન થાય. આથી વિપરીત વિજ્ઞાન કથાઓ તમને તર્કશુધ્ધ વિચાર કરવા પ્રેરે છે. તમારામા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ ઉત્પન્ન કરે છે. મહાનુભાવોના ચરિત્રો દ્વારા તમને યશસ્વી જીવન જીવવા માટેની પ્રેરણા મળે છે. પુસ્તકો દ્વારા ક્યા નિયમો પાળવા, શું ટાળવું, કેવું વર્તન કરવું, સંકટોનો સામનો કરવા માટે શું કરવું જોઈએ આવા અનેક પ્રશ્નોના જવાબ તમને વાંચન દ્વારા પ્રાપ્ત થાય છે. તમારી ભાષા સમૃધ્ધ થાય છે. વિચાર પરિપક્વ થાય છે. આળસ દૂર થાય છે. ખાલી સમયનો સદુપયોગ થાય છે. નાના-મોટા પુસ્તકો આપણને ઘણી બધી બાબતો કહી જાય છે. આ પુસ્તકો અનેક મહાનુભાવોના વિચાર મંથન દ્વારા, અનુભવમંથન દ્વારા સાકાર થયેલાં હોય છે. ગ્રંથ એ આપણા મિત્ર, આપણા ગુરુ છે.

પુસ્તકોમાંનાં વાક્યોમાંથી એક એક શબ્દમાં ભંડારેલો જ્ઞાનકણ આપણે સંચિત કરી શકીએ છીએ. આવા પુસ્તકો આપણને અવર્ણનીય આનંદ આપી શકે છે. ઉત્સાહ ભરી દે છે. આપણો આત્મવિશ્વાસ વધારે



છે. એમાંથી શીખેલા ડહાપણ દ્વારા બીજા જોડે વર્તતી વખતે, બોલતી વખતે, સંપર્ક સાધતી વખતે આપણે ડગમગતા નથી. આજુબાજુના લોકો દ્વારા આપણને ફસાઈ જવાનો ડર રહેતો નથી. આવા અનેક ફાયદાઓ સુયોગ્ય અને ઉત્તમોત્તમ પુસ્તકો વાંચવાને કારણે થાય છે. વાંચશો તો જ આપણે જગતમાં ટકી શકીશું. વાંચનને કારણે આપણી વિચારસરણી તૈયાર થાય છે. આપણે નિયમિત રીતે વાંચવાની શરૂઆત કરીએ. જ્યારે જ્યારે સમય મળે ત્યારે ખૂબ ખૂબ વાંચીએ. કારણકે વાંચશો તો જ તરશો.

**પંડ્યા પ્રીતિ**
શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય

## ઉકળતું વર્તમાન, દઝાડતું ભવિષ્ય

લખવાનો વિચાર આવે છે પણ શું લખું ? કે કેવી રીતે લખું ? તે વિચારવું પડે તેવો આ વિષય છે. તેનું કારણ એ જ કે હું જે વિષય વિશે લખવા માંગુ છું તે બાબત આજના વર્તમાનમાં ઉકળી રહી છે અને કદાચ આવનારાં આપણાં ભવિષ્યને દઝાડશે. સવારે ઊઠીને આજકાલ સમાચાર વાંચું છું કે પછી ઓનલાઇન સમાચાર વાંચું ત્યારે ફક્ત ખૂન, અપહરણ, મારામારી કે દુષ્કર્મ સિવાય બીજા કોઈ ખાસ સમાચાર જોવા જ નથી મળતા. વાંચ્યા પછી એક જ વિચાર આવે છે કે જાણે માનવતા જ મરી પરવારી છે. માનવ માનવ નથી રહ્યો અને જાણે કે રાક્ષસ બની ગયો છે. જેને કોઈની પણ લાગણીની પડી નથી. નર્યો સ્વાર્થી બની ગયો છે. ફક્ત પોતાનું જ વિચારે છે. તે પોતાનાનું પણ વિચારતો નથી.

આમ, જોવા જઈએ તો મનુષ્ય પહેલાથી જ થોડો સ્વાર્થી ખરો. પહેલા તે પોતાના વિશે વિચારતો હતો હવે તે ફક્ત પોતાનું જ વિચારે છે. નૈતિકતા તો જાણે મરી પરવારી છે. મનુષ્ય એ સર્જનહારનું શ્રેષ્ઠ સર્જન ગણાતો પણ આજે આ આપણો સર્જનહાર પણ પેટ ભરીને પસ્તાતો હશે. પહેલા પણ મનુષ્ય આટલો જ સ્વાર્થી હશે કદાચ પણ આ દોઢ-બે વર્ષનાં ગાળામાં તેનું સ્વાર્થીપણું અને જે ઘાતકીપણું આપણી સામે આવી રહ્યું છે તે ખરેખર ચોકાવનારું છે અને આ માટે આપણે સાચા મનુષ્યની ઓળખ કરાવનાર નાનકડાં અમથાં વાયરસનો આભાર માનવો જોઈએ, કારણકે આ સમયગાળા દરમિયાન મનુષ્યએ પહેરેલ સારાપણાનું મુખોટું ઉતરી ગયું છે અને મનુષ્યનો સાચો ચહેરો હવે નજર આવવા લાગ્યો છે, અને આ વાસ્તવિકરૂપ ઘણું જ આઘાત આપનાર છે અને હા, એક વાત તો કહેવાની જ રહી ગઈ કે આ સ્વાર્થીપણાથી હું કે તમે પણ બાકાત નથી. આપણે પણ ક્યાંક ને ક્યાંક આપણો સ્વાર્થ સાધવાની કોશિશ કરીએ જ છીએ.

હવે પરમ કૃપાળું પરમાત્માને મારી એક જ પ્રાર્થના છે કે તે ફરીથી કોઈ દિવ્ય અવતાર ધરીને પૃથ્વી પર આવે અને રાહ ભટકેલાં તેના સર્વશ્રેષ્ઠ સર્જન 'મનુષ્ય' ને ફરી સાચો રાહ બતાવે બસ એ જ પ્રાર્થના સાથે હું મારા શબ્દોને વિરામ આપીશ. કારણકે મને એવુ લાગે છે કે જો કોઈ આ માનવને યોગ્ય રાહ નહિ બતાવે તો આ ઉકળતો વર્તમાન આપણાં આવનાર ભવિષ્યને ચોક્કસ દઝાડશે.

**ચંદ્રિકા ડી. ગોહિલ**
શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય



## CNSA Karatekas shine at International Meet

CNSA Karate students Harsh Sheladia and Manaswini D'Souza have won Bronze medal and Silver Medal respectively at the Indo-Nepal Karate Tournament held in Nepal from 14th to 16th May 2023. There were about 500 participants in this tournament of 31 Karatekas represented Gujarat. Of these, two students of CNSA shone at this event. Coach Himanshu Raval has been training these two students since last 2 years. Harsh Sheladia is a student of Sheth CN Kishore Vidyalaya.

## ટ્રાફિકના નિયમોનું પાલન

રોજીંદા જીવનમાં બાળકો ટ્રાફિકના નિયમોને અનુસરે તે હેતુથી ગેટ નંબર -૨ પાસે શેઠ ચી.ન.શિશુવિહાર વિશિષ્ટવર્ગના શિક્ષકો, ફાઈન આર્ટ્સના વિદ્યાર્થીઓ, ટ્રાફિક પોલિસ તથા વિદ્યાવિહારના સિક્યોરિટી ગાર્ડ સાથે ઊભા રહીને બાળકો અને વાલીઓને માહિતગાર કર્યા. બાળકો ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની આદત કેળવે અને wrong sideથી ના આવે તે તેનો મુખ્ય હેતુ હતો. આ આદત કેળવવાથી અકસ્માત તથા ટ્રાફિક જામ જેવી સમસ્યાનું નિરાકરણ સહેલાઈથી આવી શકે છે અને બાળકોમાં જવાબદારીની લાગણી દ્રઢ થાય છે. આ અભિયાનમાં અંગ્રેજી માધ્યમના Physical Education ના શિક્ષક શ્રી પ્રકાશ વણઝારા અને ફાઈન આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓ એ જોડાયા હતા. ફાઈન આર્ટ્સ કોલેજમાથી જ ટ્રાફિક અંગે જાગૃતિ અંતર્ગત પોસ્ટર પણ બનાવવામાં આવ્યા હતા. આ કામગીરી માં alumnus શ્રી સમીર શાહે Traffic Police Commissioner સાથે સંકલન કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.




## શિશુવિહાર અને વિશિષ્ટ વર્ગમાં રથયાત્રાની સંયુક્ત ઉજવણી







અમદાવાદમાં ૧૮૭૮ થી શરૂ કરી દર વર્ષે અષાઢ સુદ બીજના દિવસે જગન્નાથ મંદિર દ્વારા રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. આ દિવસે પૂર્વ અમદાવાદ જય જગન્નાથ, જય રણછોડના નાદથી ગુંજી ઉઠે છે અને સમગ્ર માહોલ ભક્તિમય બને છે. હજારો લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આ ભવ્યાતિભવ્ય રથયાત્રામાં જોડાય છે. આજે અમદાવાદની૧૪૬ મી રથયાત્રા નિમિત્તે બાળકો પોતાના સાંસ્કૃતિક વારસાથી માહિતગાર થાય તે હેતુથી શિશુવિહાર તથા શિશુ અને બાલ વિશિષ્ટ વર્ગના સામૂહિક પ્રયાસ દ્વારા રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ બલભદ્રજી, સુભદ્રાજી અને જગન્નાથજી સાથે યાત્રા કરી અને ગીતો તથા ધૂન ગાતા ગાતા હર્ષોઉલ્લાસથી આ ખાસ દિવસની ઉજવણી કરી હતી. પ્રસાદમાં સાકર, મગ, કાકડી અને જાંબુ પણ વહેંચવામાં આવ્યા હતા.

### શેઠ સી. એન. કિશોર વિદ્યાલયમાં ચાલતી પ્રવૃત્તિ
## વિદ્યાર્થી વિકાસ વર્તુળ



વિદ્યાર્થીઓની અભિવ્યક્તિમાં સતત સુધારો થાય તથા આત્મવિશ્વાસ કેળવાય, વિચારવાની યોગ્ય પધ્ધતિ વિકસિત થાય તે હેતુથી શાળાના પૂર્વ વિદ્યાર્થીની બીનાબહેન હાંડા (૧૯૬૮-બેચ) દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં તા. ૦૨-૦૧-૨૦૨૩થી શાળામાં 'વિદ્યાર્થી વિકાસ વર્તુળ'ની શરૂઆત કરવામાં આવી.

વિદ્યાર્થી વિકાસ વર્તુળની પ્રવૃતિઓ માટે ધોરણ-૬ અને ૭ ના કુલ ૧૨ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી. દર ગુરૂવારે પ્રવૃત્તિ કરાવવામાં આવી આ પ્રવૃતિઓ માર્ચ માસ સુધી કરાવવામાં આવી જેમાં નીચે મુજબના વિભાગો પાડીને વિદ્યાર્થીઓમાં હકારાત્મક (પોઝિટીવ) વિચારસરણી ખીલે તે માટેની વિવિધ પ્રવૃતિઓ દ્વારા તાલીમ આપવામાં આવી.

**• ઓળખાણ અને મને શું આવડે ?**

- મને અભ્યાસ ઉપરાંત ઘણું બધું આવડે છે.
- જે અઘરું હોય તે પણ ચોક્કસપણે શીખી શકાય છે
- જીંદગીમાં મુશ્કેલ સમયમાં નાસીપાસ ન થતાં હંમેશા પોઝિટીવ રહેવું.
- હંમેશા ખુશ રહેવું ખુશ રહેવાથી કામ વ્યવસ્થિત અને સરસ થાય છે.

**• વિચારવાની શક્તિ**

- વિવિધ પ્રયત્નોથી સફળતા અચૂક મળે છે.
- શાંતિથી વિચારીને રસ્તો શોધવો.
- કઠિન પરિસ્થિતિમાં ખૂબ વિચારીને આગળ વધવું.
- ઘણીવાર રસ્તો ન મળે તો હિંમત હારવી જોઈએ નહિ.
- આપણે દર મિનિટે સાત નવી વસ્તુ શીખી શકીએ છીએ.
- કાર્ય કરવા ખાતર ન કરવું પરંતુ ધીરજ તથા રસપૂર્વક કરવું.

**• પબ્લિક સ્પીકીંગ**

- જે વિષય પર બોલવાનું હોય તેના વિશે માહિતી એકત્રિત કરવી.
- બોલતી વખતે આત્મવિશ્વાસથી બોલવું.
- શરૂઆતમાં નર્વસ થવાય, નેગેટીવ વિચાર આવે પરંતુ આત્મવિશ્વાસ વધતા સફળતા મળે છે.
- આત્મવિશ્વાસ આવે છે કે સારી રીતે બોલી શકીશ.

**• લાગણીઓનું મેનેજમેન્ટ**

જ્યારે તમે અપસેટ હોવ, કાંઈ મૂંઝવણમાં હોવ, ચિંતાતુર હોવ ત્યારે શું કરશો? તેની સમજણ આપવામાં આવી.

- પોતાની મનગમતી પ્રવૃત્તિ કરવી.
- જે થાય છે તે સારા માટે થાય છે તેમ વિચારવું.
- પોતાના અંગત મિત્રો સામે રોષ ઠાલવીને મનને શાંત અને હળવું કરવું.
- મનગમતી રમત રમવી.

વિદ્યાર્થી વિકાસ વર્તુળથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ તથા વિચારસરણીમાં હકારાત્મક અસર થયેલ છે તેમ તેમના વાલીઓ દ્વારા જાણવા મળ્યું. પરિણામથી પ્રોત્સાહિત થઇ નવા વર્ષમાં નવા જ વિદ્યાર્થીઓ સાથે વિકાસ વર્તુળનો વ્યાપ વધારવામાં આવનાર છે.

**ચંદ્રભૂષણ આર. પાસી.**
આચાર્ય, શેઠ ચી. ન. કિશોર વિદ્યાલય

## SHETH C N VIDYALAYA
## MARCH - 2023 RESULT

| | | | GENERAL | SCIENCE |
|---|---|---|---|---|
| **PAR.** | **GRADE** | **STD. 10** | **STD. 12** | **STD. 12** |
| 91-100 | A-1 | 20 | 4 | 0 |
| 81-90 | A-2 | 45 | 31 | 3 |
| 71-80 | B-1 | 58 | 27 | 6 |
| 61-70 | B-2 | 72 | 22 | 10 |
| 51-60 | C-1 | 40 | 25 | 18 |
| 41-50 | C-2 | 11 | 11 | 20 |
| 33-40 | D | 1 | 1 | 5 |
| 0-32 | E | 22 | 4 | 16 |
| ABSENT | | | | |
| | TOTAL | 269 | 125 | 78 |
| BOARD RESULT | | 64.62% | 73.27% | 65.58% |
| SCHOOL RESULT | | 91.82% | 96.80% | 79.48% |

## ''સમયની સાથે રહેવું''

આજના સમયમાં જીવનના દરેક ક્ષેત્રે હંમેશા કઈ ને કઈ શીખતા રેહવું જોઈએ અને શીખતા રહેવા માટે સમય બળવાન છે, શીખવાની કોઈ ઉંમર નથી હોતી.

જીવનમાં જે આપણે નથી શીખ્યા એ કેટલીકવાર સમય શીખવી જાય છે, અને જે સમયની સાથે નથી શીખતા એ પોતાના વિકાસશીલ જીવનમાં પાછળ રહી જાય છે એટલે જ આજના પ્રગતિશી લ સમયમાં આપણે દરેક ક્ષેત્રે સમયની સાથે રહી અપડેટ રહેવું જોઈએ.

કોરોનાકાળ દરમ્યાન આપણે સૌએ જે અનુભવ્યું તેમાંથી ઘણું શીખ્યા, જેમ કે, આપણી શિક્ષણ પદ્ધતિ જેમાં દરેક શિક્ષક પહેલા બાળકોને પ્રત્યક્ષ શિક્ષણ આપતા, કોરોનાકાળમાં શિક્ષક અને વિદ્યાર્થી કમ્પ્યુટર, મોબાઈલ અને ઈન્ટરનેટના માધ્યમથી જોડાઈને શિક્ષણ મેળવતા થયા તો આ માટે શિક્ષકો, વિદ્યાર્થી અને વાલીઓને પણ ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં શીખવું જરૂરી બન્યું અને દરેકની આવડતમાં વધારો થયો, તે જ રીતે શિક્ષણ જ નહીં પરંતુ મોટાભાગના કાર્યક્ષેત્રમાં લોકો ''વર્ક ફ્રોમ હોમ'' તેમના ઓફીસ (જે તે ધંધા કે નોકરીમાં) પણ ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં થયા અને તેમની આવડતમાં વધારો કર્યો.

માનવીની ચેતનામાં રહેલું ચેતનતત્વ પૂર્ણતા કાજે શ્રદ્ધાનું બળ છે, જે શોધે છે એ પામે છે, એવું વિજ્ઞાને સિધ્ધ કર્યું છે, ત્યારે મેહનતની લગન દ્વારા વિકસીત થવાની સંભાવનાઓ પણ વધતી જાય છે.
અરવિંદ દેસાઇના મતે જીવનમૂલ્યોની કેળવણીને કેન્દ્રમાં રાખી વિજ્ઞાનનો દ્રષ્ટિકોણ વિસ્તારીએ. તો ચાલો આપણે યુવાપેઢીને પ્રોત્સાહીત કરીએ અને તેના વિકાસમાં સહકાર આપીએ અને સર્વાંગી વિકાસ માટે પણ પ્રયત્નશીલ રહીએ.

**મીતા મુંજપરા**
શેઠ ચી. ન. શિશુવિહાર

# શેઠ સી. એન. વિદ્યાવિહાર પરિસર પર 'સી. એન. અરણ્ય' પ્રોજેક્ટ









શેઠ સી. એન. વિદ્યાવિહાર તેના પરિસર પર ચોમેર ફેલાયેલી વનરાજીથી Green Campus તરીકે જાણીતું છે. પરિસર પર અનેક પ્રકારના વૃક્ષો, ફળોના વૃક્ષો તેમજ ઔષધિય વનસ્પતિ પણ ઉપલબ્ધ છે. ત્યારે સી. એન. વિદ્યાવિહાર દ્વારા પર્યાવરણ સબંધિત પ્રત્યક્ષ અને વ્યવહારુ સમજ અને જાણકારી વિદ્યાર્થીઓ મેળવી શકે તે માટે પરિસર પર જ ૯ એકર જમીનમાં 'સી. એન. અરણ્ય' તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની મદદથી પર્યાવરણની વધી રહેલી સમસ્યાના સમાધાન માટે વધુમાં વધુ વૃક્ષારોપણ અને વિદ્યાર્થીઓને પર્યાવરણની જાળવણી અને પર્યાવરણ ચક્ર વિષેની પ્રત્યક્ષ જાણકારી મળી શકશે અને વિદ્યાર્થીઓમાં પ્રકૃતિ પ્રેમ પણ કેળવાશે. તેઓને શાળામાંથી જ Eco System વિષે જ્ઞાન મળી શકશે.

આ Project અંદાજે રૂ. ૧૦ લાખના ખર્ચે તૈયાર થશે. જેનાથી વિદ્યાર્થીઓને શાળા પરિસર પર જ જંગલનો અનુભવ મળી શકશે. તેમાં એક તળાવ તૈયાર કરવાનું પ્રયોજન છે જેમાં પાણીમાં રહેતી જીવસૃષ્ટિ જોવા મળશે. વર્ષ દરમ્યાન પર્યાવરણ સબંધિત કાર્યક્રમો કરવામાં આવશે.

આ અરણ્યમાં દસ હજાર વિવિધ વૃક્ષોનો ઉછેર કરવામાં આવશે. જેથી પરિસર પર ગરમીમાં ઘણી રાહત મળી શકશે. વિદ્યાર્થીઓ અરણ્યનો પૂરતો લાભ મેળવી શકે અને અંદર ફરી શકે માટે એક પગદંડી તૈયાર કરવામાં આવશે. આધુનિક સમયમાં વૃક્ષોનું પ્રમાણ ઘટવાથી કાર્બન મોનોકસાઈડનું પ્રમાણ વધી રહ્યું છે તેની સામે રક્ષણ મેળવવા વૃક્ષોની જરૂરિયાત કેટલી છે તે અંગે વિદ્યાર્થીઓને સમજ અપાશે. તળાવની ઊંડાઈ અને છીછરા પાણીમાં થતી વનસ્પતિ અને જીવસૃષ્ટિની વિશેષ જાણકારી મેળવી શકાશે.

આ ઉપરાંત પક્ષીઓને ખોરાક અને રહેઠાણ મળે તેવા વૃક્ષો એક જ સ્થળે મળી જાય તે માટે જાંબુ, દાડમ, સીતાફળ, જામફળ, ચીકુ જેવા ફળો તેમજ ગુલાબ, મોગરા અને ચંપા જેવા છોડોને ઉછેરવામાં આવશે. વૃક્ષોને લીધે પક્ષીઓની સંખ્યા વધવાથી જીવસૃષ્ટિનું ચક્ર પણ બેલેન્સ થઈ શકશે. આમ શહેરના હૃદય સમા આંબાવાડી વિસ્તારમાં વિદ્યાવિહારના પરિસર પર જ એક નાનું અરણ્ય તૈયાર થશે.

**ડૉ. વૈશાલી શાહ**
નિયામક, શેઠ ચી. ન. વિદ્યાવિહાર